# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/ક્વા-૨/૧૯-૨૦/૭૧૧૪–૩** **તા.૨૩–૧૦–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૨/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **નટરાજ એકવા** ગામ: **રાજકોટ**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે રમેશભાઈ ભગતભાઇ કેશવાલા અને ભાવેશ કાંતિલાલ મોઢા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર શહેર**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી ડી.વિ.લખાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર શહેર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ પ.ગુ.વી.કં.લી. પોરબંદર વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો ઉપર મુજબ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર નટરાજ એકવા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૬૨/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, બિનખેતી કરાવેલ જમીનમાં એલટી વીજ જોડાણ -૯૦ kw નું ઔદ્યોગિક વીજ જોડાણ ની અરજી કરેલ જે અનુસંધાને GERC ના નિયમો પ્રમાણે ફિક્ષ ચાર્જ પ્રમાણે ભાવપત્રક આપેલ નથી. જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 As per representation of applicant PGVCL has informed vide letter Dated 15-10-19 is as under.

- As per applicant application, estimate was issued on 31.08.2019 by considering

actual cost for the network erection.

- Said estimate is not paid till today.
- Applicant represented that, their land is NA, hence estimate is to be served for fixed charge instead of actual line charge. Said estimate issued as per the directives given by competent authority vide corporate office letter No. PGVCL/Tech.1/6457 dated 26.07.2019.
- Said estimate is issued only after getting approval from the competent authority.

Applicant represented that their land being a NA, estimate is to be served for fixed charges, but it is to clarify that, for said connection, 2.5 Kilometer HT line with AB cable and 100 KVA transformer center is to be erected. Similar matters discussed during the visit/meeting of Hon'ble Managing Director, GUVNL on 18.05.18 at Zonal office Bhavnagar the issue of new connections demand outside Gamtal in non-agriculture land to be released by extending network with HT AB Cable only at PGVCL cost, which is having higher cost than network with cost of bare conductor was discussed. After discussion of the issued, Hon'ble Managing Director GUVNL has directed to recover the entire cost from such applicant for extension of distribution network by HT AB cable to avoid power theft in interior area. Accordingly, PGVCL is following the above procedure for connections demand in NA land outside the Gamtal.

૩.૧ Moreover, as per section No. 46 of electricity act, the state commission may, by regulations, authorize a distribution licensee to charge from a person requiring a supply of electricity in pursuance of Sec.43 any expenses reasonably incurred in providing any electrical line or electrical plant used for the purpose of giving that supply. Hence, estimate issued to the applicant is in order and required to be pay by applicant.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી દ્રારા – **નટરાજ એકવા** નામે – ગોસા ગામના રે.સ.નં.– ૧૮૭૦ માં ૯૦ કીવો નુ એલ.ટી. વીજજોડાણ મેળવવા માટે – તા.૨૬–૦૬–૧૯ થી અરજી ની નોંઘણી **કરાવેલ** છે. જે અન્વયે –કોસ્ટલ પેટા વિભાગીય કચેરી દ્રારા – ભાવપત્રક તા.૩૧–૦૮–૧૯ થી નીચે મુજબ આપેલ છે.

- ટેપીગ ચાર્જ – રૂ.૭,૦૫૪/–
- ૧૧ કેવી લાઈન – એ.બી.કેબલ – ૨.૫ કીમી – રૂ.૨૪,૩૪,૯૭૪/–
- સર્વિસ કને. ચાર્જ – રૂ.૧૭,૨૭૯/–
- એગ્રીમેન્ટ ફી – રૂ.૧૦૦/–
- અન્ય મટીરીયલ– રૂ.૧,૦૯,૫૦૨/–
- સીક્યોરીટી ડિપોઝીટ રૂ. ૨,૮૯,૩૮૯/–
- ટ્રાન્સફોર્મર ચાર્જ રૂ. ૨,૨૫,૪૭૫/–
- કુલ રૂ.૩૦,૮૩,૭૭૩/–

ઉપરોક્ત સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા.૩૦–૦૯–૧૯ હતી.

૪.૨ અરજદાર શ્રી દ્રારા ગામ– ગોસા – રે. સર્વે નંબર: ૧૮૭૦ ની જમીન ૧૧૩૮૭–૦૦ ચો.મી. માથી ૩૨૯૩–૦૦ ચો.મી. ઓર્દ્યોગીક (જીંગા ઉછેર કેન્દ્ર) હેતુ માટે – બિનખેતી ની પરવાનગી કલેકટર શ્રી પોરબંદર ના પત્ર નં. – લેન્ડ/૧/સી/એનએ/રજી નં.–૧૨/ફા.નં.– ૧૫૩–૧૮/૨૦૧૮ તા.૨૪–૧૨–૧૮ થી હુકમ **કરાયેલ** છે.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૨.૦ ના અનુસંઘાને – અરજદાર દ્રારા તેઓની માંગણીનુ નવુ વીજજોડાણ નામદાર જીઈઆરસી અને જીયુવીએનએલ હેઠળ ની તમામ કંપનીમાં બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા રજુઆત કરેલ છે. જે અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર દ્રારા મુદદા નં. ૩.૦ અને ૩.૧ મુજબ – સદર વીજજોડાણ વાળી જગ્યા મેઈનરોડ થી ૨.૫ કીમી જેટલી દુર આવેલ હોય ગામતળ બહાર વિવિધ હેતુ માટે વિજ જોડણ આપવાની

સર્વગ્રાહી નીતિ માટે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ મુજબ ૬ KW થી વધારે એટલે કે થ્રી ફેઈજ વીજ જોડાણ માત્ર HVDS પદ્ધતિ દ્વારા જ અને HT લાઈન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત રહશે જે અન્વયે સર્વે થયા મુજબ વાસ્તવિક ખર્ચ મુજબનું નીયમાધીન ભાવપત્રક આપવામાં આવેલ છે.

૪.૪ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ ૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ બીનખેતી કરાવેલ જમીનમાં ધારા ધોરણ અનુસાર ફીકસચાર્જ વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે. ઉપરોક્ત પેરા ન.૪.૩ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૨.૫ કિમિ HT AB CABLE નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને HT AB CABLE ની કોસ્ટ bare conductor ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા GUVNL ને લખેલ ના પત્ર નં ૬૧૬૮ તા. ૨૨.૦૭.૧૯ મુજબ યોગ્ય જણાય છે. જેથી બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા અંગેની અરજદારની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

૪.૫ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪.૪ મુજબ આદેશ આપવામાં આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(શ્રી જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯